**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. II-૩૬-૨૦૧૪-૧૫**

અરજદાર: રાઠવા ધનાભાઇ મલુભાઇ,
ગામ: ગમાણી,,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ,

રજુઆત કરનાર: ગેરહાજર (તા. ૧૮.૦૭.૧૪, ૨૫.૦૭.૧૪, ૦૧.૦૮.૧૪)

સામાવાળા: નાયબ ઇજનેર,
એમ.જી.વી.સી.એલ.,
પેટા-વિભાગીય કચેરી,
ઘોઘંબા.

રજુઆત કરનાર: કુરાવાર્સનેય, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઘોઘંબા.

તા. ૧૨.૦૫.૨૦૧૪ ની ફરીયાદીની ઘરવપરાશમાં એક સાથે મોટું બિલ આપવા બાબતની અરજી બાબત.

તા. ૧૮.૦૭.૧૪ તથા ૨૫.૦૭.૧૪ અને તથા તા. ૦૧.૦૮.૧૪ ના રોજ ફરીયાદી ગેરહાજર રહેલ, જ્યારે સામે પક્ષે નાયબ ઇજનેરશ્રી કુરાવાર્સનેય તા. ૨૫.૦૭.૧૪ ના રોજ હાજર હતા. તેમાં ફરિયાદીની ઘરવપરાશના વીજ જોડાણમાં એક સાથેની મોટી રકમનું બિલ મળવા અંગેની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળી.

કેસની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

૧. ફરિયાદીએ ગમાણી ગામે ઘરવપરાશનું વીજ જોડાણ જેનો ગ્રાહક નં. ૧૯૧૭૦/૦૦૦૦૫/૦ છે અને ઘર કાચા છાપરાવાળું છે. તેમાં માત્ર એક પોઇન્ટમાં બલ્બ છે અને જમતી વખતે બલ્બ એકલો સળગાવે છે. બીજો કોઇ વીજ વપરાશ નથી. તેમ છતાં તા. ૦૮.૦૫.૧૪ ના રોજ ફરિયાદીને લાઇન બિલ રૂા. ૧૮૧૩૪/- નું મળેલ છે. જે તદ્દન ખોટું છે.

૨. અમારો વપરાશ બિલકુલ ઓછો છે અને આટલી મોટી રકમનું બિલ આપેલ હોવાથી અમે મોટી રકમનું લાઇટબીલ ભરી શકીએ તેમ નથી.

ફરિયાદીએ તા. ૧૨.૦૫.૧૪ ના રોજ લેખિતમાં જણાવેલ છે કે ગમાણી ગામે ગ્રા.નં. ૧૯૧૭૦/૦૦૦૦૫/૦ વાળું ઘરવપરાશનું વીજ જોડાણ કાચા છાપરાના ઘરમાં મેળવેલ છે. તેમાં ફક્ત એક બલ્બ જમતી વખતે સળગાવે છે અને બીજો કોઇ વપરાશ નથી. ફરિયાદીનું લાઇટ બિલ રૂા. ૧૫૦/- આવતું હતું અને તા. ૦૮.૦૫.૧૪ ના રોજ રૂા. ૧૮૧૩૪.૮૩ એક સામટું મોટી રકમનું બિલ ખોટું લાઇટ બિલ આપેલું છે. અમો તે લાઇટ બિલ ભરી શકીએ તેમ નથી તેમજ તેટલો વીજ વપરાશ થયેલ પણ નથી. જેથી આ બિલ અંગે ઘટતું કરવા વિનંતી છે.

સામાવાળા તરફથી કુરા વાર્સનેય, નાયબ ઇજનેર, ઘોઘંબા સબ-ડિવીઝન દ્વારા તા. ૨૫.૦૭.૧૪ ના રોજ નીચે મુજબની રજુઆત કરેલ છે. સદર વીજ જોડાણ હાલોલ પેટા-વિભાગીય કચેરીમાંથી છૂટું પડીને ઘોઘંબા પેટા-વિભાગીય કચેરીમાં આવેલું છે. ઘોઘંબા પેટા-વિભાગીય કચેરી ૨૦૧૧ ની સાલમાં કાર્યરત થયેલ. તેઓને ત્યાં તા.૨૦.૦૫.૧૪ ના રોજ વીજ જોડાણનું ચેકીંગ કરતાં તેઓએ મીટરને બાયપાસ કરી વીજ ચોરી કરતાં પકડાયેલ હતાં. તે માટે તેઓને રૂા. ૧૮૦૬.૭૫ નું વીજચોરીનું બિલ આપવામાં આવેલ. અને તેઓની સામે વીજ ચોરી અંગેની પોલીસ ફરિયાદ સાથે (સેક્શન ૧૩૫ હેઠળ) વીજ મીટર તથા સર્વિસ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ છે.

ત્યારબાદ ફરિયાદીએ તા. ૦૬.૦૬.૧૪ ના રોજ રૂા. ૧૮૦૬.૨૫ મ.ગુ.વી.કં.લી., ઘોઘંબા ઓફિસમાં ભરપાઇ કરેલ છે. સદર મીટરની "F" સ્થિતિ મે-જુન-૧૧ નું બીલીંગ જુલાઇ-૧૧ ના રીડીંગમાં ૧૭૦૫ દર્શાવેલ છે.

ત્યારબાદ ફરિયાદીને ત્યાં તા. ૨૦.૦૫.૧૪ ના રોજ ચેકીંગ કરતાં મીટરમાં ૪૮૫૫ રીડીંગ દર્શાવેલ છે. ૨૦૧૦ પહેલાંનો કોઇ સદર મીટર બાબતનો રેકર્ડ ઉપલબ્ધ નથી. મીટર રીડરોની તંગી હોવાના કારણે સ્થળ પર નું સાચું રીડીંગ લેવામાં આવેલ નહીં. મીટર રીડરે બીલમાં "F" ની સ્થિતિ દૂર કરવા માટે આશરે ૫૦ યુનિટની ગણતરી કરી બિલ આપવામાં આવેલ છે. ત્યારબાદ જાન્યુ.-ફેબ્રુ.-૧૪ જેનું બીલીંગ માર્ચ-૧૪ માં કરવામાં આવેલ (મીટર રીડર દ્વારા) જેના મીટરમાં ૧૭૫૫ રીડીંગ દશાર્વેલ છે.

ફોરમના સભ્યો દ્વારા ફરિયાદી સતત ત્રણ મુદતમાં હાજર રહ્યા નથી. પરંતુ સામે પક્ષે નાયબ ઇજનેર તા. ૨૫.૦૭.૧૪ ના રોજ કરેલ રજૂઆત ને જોતાં ઘોઘંબા વિસ્તાર હાલોલ ગ્રામ્ય પેટા-વિભાગમાંથી ૨૦૧૧ ની સાલમાં છૂટું પડેલ છે. સદર મીટરની "F" સ્થિતિ જુલાઇ-૨૦૧૧ માં ઉદ્દભવેલ છે. હાલમાં સદર ફરિયાદીનો રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાથી તેમજ તેઓ તા. ૨૦.૦૫.૧૪ ના રોજ વીજ ચોરીમાં

પકડાયેલ, વીજચોરીમાં સીટ નં. ૮૮૫ માં દર્શાવેલ વીજભાર મુજબ તેઓને સરેરાશ પ્રતિદીન ૬ કલાક ના વપરાશની ગણતરી કરી જુલાઇ-૨૦૧૧ થી આવતા વપરાશ મુજબનું બિલ ગણતરી કરી બીલીંગ સાયકલ મુજબ બ્રેક અપ આપવી વીજ બિલ આપવું.

## હુકમ

સામાવાળા (મ.ગુ.વી.કં.લી.) ને હુકમ કરવામાં આવે છે કે ૨૦.૦૫.૧૪ ની ચેકીંગ સીટ નં. ૮૮૫ માં દર્શાવેલ વીજભાર ૫૫૩ વોટને ગણતરીમાં લઇ જુલાઇ-૨૦૧૧ થી બીલીંગ સાયકલ મુજબ બિલ આપવું.

| (એમ. એમ. મરાઠે) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
|---|---|---|
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.